| | |
|---|---|
| PUBLICATION NAME : | Vrajkishan Bhoomi |
| EDITION : | Ahmedabad |
| DATE : | 19/11/2022 |
| PAGE: | 2 |

# ઈડીઆઈઆઈના કેમ્પસમાં નેશનલ કોઓપરેટિવ વીકની ઉજવણીના ભાગરૂપે આંતરપ્રિન્યોરશિપ થ્રૂ કોઓપરેટિવ મૂવમેન્ટ પ્રોગ્રામ યોજાયો







અમદાવાદ, ૧૮ નવેમ્બર

આંતરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ), અમદાવાદે અમૂલ અને ઈફકો સાથે જોડાણમાં ઈડીઆઈઆઈના કેમ્પસમાં શુક્રવારે નેશનલ કોઓપરેટિવ વીકની ઉજવણી કરી હતી. પ્રોગ્રામના પ્રથમ કાર્યક્રમ 'પ્રમોટિંગ આંતરપ્રિન્યોરશિપ થ્રૂ કોઓપરેટિવ મૂવમેન્ટ'માં મુખ્ય અતિથિ શ્રી અનિલ કુમાર બાયતી, જનરલ મેનેજર, અમૂલફેડ ડેરી, ગાંધીનગર, ગુજરાત; ગેસ્ટ ઓફ ઓનર, શ્રી પી એમ મેવા, ચીફ જનરલ મેનેજર (માર્કેટિંગ), ઈફકો, કલોલ, ગાંધીનગર, ગુજરાત અને સ્પેશ્યલ ગેસ્ટ, પ્રોફેસર (ડો.) રાના સિંહ, ડિરેક્ટર, ચંદ્રગુપ્ત ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ પટણા (સીઆઈએમપી), પટણા, બિહાર હતા. આ પ્રસંગે ઈડીઆઈઆઈએ આ સંસ્થા સાથે એમઓયુ પણ કર્યા હતા.

આ કાર્યક્રમમાં સહકારી ક્ષેત્ર અને સહકારી આંદોલનના ૩૦૦થી વધારે સફળ વ્યવસાયિકો તથા વિવિધ યુનિવર્સિટીઓમાંથી વિદ્યાર્થીઓ સામેલ થયા હતા, જેમાં સેન્ટ્રલ એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી, ઈમ્ફાલ, ઉદયભાનસિંહજી રિજનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોઓપરેટિવ મેનેજમેન્ટ, ગાંધીનગર, રાજમાતા વિજયરાજે સિંધિયા કૃષિ વિશ્વ વિદ્યાલય, ગ્વાલિયર, ઉડાન ટ્રસ્ટ ઓફ સોશિયલ વર્ક, વિશ્વકર્મા ગવર્મેન્ટ એન્જિનીયરિંગ કોલેજ, અમદાવાદ, સ્ટાર્ટઅપ્સ, એકેડેમિયા, ઉદ્યોગસાહસિકો અને નીતિનિર્માતાઓ સામેલ હતા.

અમૂલફેડ ડેરી, ગાંધીનગર, ગુજરાતના જનરલ મેનેજર શ્રી અનિલ કુમાર બાયતીએ અમૂલના મૂળિયા વિશે જાણકારી આપી હતી. તેમણે કહ્યું હતું કે, "આ સહકારી ડેરી વિકાસ માટે આદર્શ છે. અન્ય સ્થાનોમાં અમૂલની ભાવનાનું આરોપણ કરવા 'નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ'ની સ્થાપના થઈ હતી અને અમૂલના મોડલનું સફળતાપૂર્વક પુનરાવર્તન થયું હતું. અમૂલ સહકારી વ્યવસ્થામાં વિશ્વાસનું પ્રતીક છે, જે ખેડૂતોના હાથમાં વિકાસની ચાવી મૂકે છે."

ઈફકોની ચીફ મેનેજર (માર્કેટિંગ) શ્રી પી એમ મેવાએ કહ્યું હતું કે, "દુનિયાભરમાં સહકારી ક્ષેત્રએ વિવિધ દેશોના અર્થતંત્રને મહત્વપૂર્ણ પ્રદાન કર્યું છે અને વિવિધ સમાજના વિકાસમાં પ્રદાન કર્યું છે. આ એકમાત્ર આંદોલન હતું, જે તમામ સામાજિક-આર્થિક અને રાજકીય પડકારો સામે ટકી રહ્યું હતું અને સફળ વ્યૂહરચના તરીકે બહાર આવ્યું છે. આ ઉદ્યોગસાહસિકતા અને ઈનોવેશનનું આદર્શ ઉદાહરણ છે, જે સશક્તિકરણ તરફ દોરી જાય છે."

ચંદ્રગુપ્ત ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ પટણાના ડિરેક્ટર પ્રોફેસર (ડો.) રાના સિંહે મહત્વપૂર્ણ શૈક્ષણિક શાખા તરીકે કોઓપરેટિવ મેનેજમેન્ટ પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું હતું કે, "સહકારી ક્ષેત્રએ તેમની ક્ષમતાઓ અને વિશિષ્ટ લાક્ષણિકતાઓને આધારે તેમના સભ્યોને વ્યવહારિક અને સક્ષમ બનાવવા ઈન્વેન્ટિવ બનવું પડશે. સહકારી ઉદ્યોગસાહસ એક ક્ષેત્ર છે, જે માટે નવા વિચારોની જરૂર છે, કારણ ક આ ઉદ્યોગસાહસોને પણ ગળાકાપ સ્પર્ધામાં ટકવું પડશે."

ઈડીઆઈઆઈના ડિરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લાએ કહ્યું હતું કે, "સહકારી મંડળીઓ માટે વિશિષ્ટ વહીવટી, કાયદાકીય અને નિયમનકારી માળખું ઓફર કરવા સહકારી મંત્રાલયની સ્થાપના સાથે ભારતમાં સહકારી આંદોલન અતિ કેન્દ્રિત છે. સામાજિક મૂડીનું મહત્વ નાણાકીય મૂડી જેટલું છે અને સામાજિક મૂડીનો લાભ લેવા સહકારી આંદોલન વિશ્વસનિય આંદોલન છે. અમૂલ અને ઈફકો સહકારી મંડળીઓના હાર્દને ચરિતાર્થ કરી દેખાડ્યું છે એટલે કે લોકોના જીવનનું ઉત્થાન, સામેલ લોકોનું વ્યવસ્થાપન, લોકતાંત્રિક રીતે નિર્ણય લેવાની પ્રક્રિયા અને જનકલ્યાણ."

ઉદ્ઘાટન પછી 'ઈમર્જિંગ ઓપોર્ચ્યુનિટીઝ ઈન કોઓપરેટિવ આંતરપ્રિન્યોરશિપ' પર એક પેનલ ચર્ચા થઈ હતી. પેનલિસ્ટમાં શ્રી રાજીવ પડિયા, મેનેજિંગ ડિરેક્ટર (નિવૃત્ત), ધ ગુજરાત સ્ટેટ કોઓપરેટિવ બેંક અને મેનેજિંગ કન્સલ્ટન્ટ અને સલાહકાર; ડો. અંજની કુમાર અસ્થાના, ડિરેક્ટર, ઉદયભાનસિંહજી રિજનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોઓપરેટિવ મેનેજમેન્ટ, ગાંધીનગર, ગુજરાત; ડો. અમિત દ્વિવેદી, એસોસિએટ પ્રોફેસર, ઈડીઆઈઆઈ, અમદાવાદ અને શ્રી શ્રી કાંત કુમાર, આંતરપ્રિન્યોરશિપ એક્સ્પર્ટ, ઈડીઆઈઆઈ, અમદાવાદ સામેલ હતા. તેમની વચ્ચે ચર્ચા રોજગારીના સર્જન, સંપત્તિના સર્જન અને સંસાધનોના અસરકારક ઉપયોગની દ્રષ્ટિએ સમાજ અને અર્થતંત્રને સહકારી ક્ષેત્રના પ્રચૂર લાભ પર કેન્દ્રિત હતી. દેશની અંદર અને બહાર અર્થતંત્ર અને બજારોના બદલાઈ રહેલા સ્વરૂપોને ધ્યાનમાં રાખીને પેનલિસ્ટોએ સહકારી મંડળીઓને ઈનોવેટિવ, વ્યૂહાત્મક અને ઉદ્યોગસાહસિક અભિગમ અપનાવવાની જરૂરિયાત પર ચર્ચા કરી હતી.